તા. ૧૯.૦૧.૨૦૨૫
દિવ્ય ભાસ્કર ફ્રન્ટ પેજ. ૦૧

સપ્ટેમ્બરમાં ફેઝ-2માં મેટ્રોનું સંચાલન શરૂ થયું હતું

# મોટેરા-ગાંધીનગર મેટ્રોમાં ચાર માસમાં 2.23 લાખની મુસાફરી

## અમદાવાદ 2 વર્ષમાં 6.21 કરોડ પેસેન્જર નોંધાયા

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

મેટ્રોના ફેઝ-1માં વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ સુધી તેમજ એપીએમસીથી મોટેરા સુધીના રૂટ પર ઓક્ટોબર-2022માં મેટ્રો દોડાવવામાં આવી હતી. 1 જાન્યુઆરીથી 31 ડિસેમ્બર સુધી એટલે કે 2023માં કુલ 2.54 કરોડ તેમજ 2024માં કુલ 3.67 કરોડ પેસેન્જરે મેટ્રોમાં મુસાફરી કરી હતી. જેથી બે વર્ષમાં મેટ્રોને 75.68 કરોડની આવક થઈ છે.

જ્યારે મેટ્રો ફેઝ-2માં મોટેરાથી ગાંધીનગર સેક્ટર - 1 સુધી તેમજ જીએનએલયુથી ગિફ્ટી સિટી સુધીના રૂટ પર સપ્ટેમ્બર 2024માં મેટ્રોનું સંચાલન શરૂ થયું હતું. જેના પગલે સપ્ટેમ્બરથી ડિસેમ્બર સુધી ફેઝ-2માં કુલ 2.34 લાખ પેસેન્જરોએ મુસાફરી કરતા 40.99 લાખ રૂપિયાની આવક થઈ હતી. આ સમય દરમિયાન બન્ને વર્ષે જૂનમાં પેસેન્જરની સંખ્યા ઘટીને 28.11 લાખ થઈ હતી.નવેમ્બર મહિનામાં પેસેન્જરોની સંખ્યા ઘટીને 31.13 લાખ નોંધાઈ હતી. અન્ય મહિનાની સરખામણીમાં મેટ્રોમાં મુસાફરી કરતા પેસેન્જરોની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો હતો.